
નમો નમો નિમ્મલદંસણસ્સ

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

પૂજ્યશ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ૧૦.પ્રશ્નવ્યાકરણ

## સટીક વિષયાનુક્રમ



વિષયાનુક્રમ રચયિતા


आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ વિષયાનુક્રમ શ્રેણી-૧૦

નમો નમો નિમ્મલદંસણસ્સ
બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:
પૂજ્યશ્રી આનંદ–ક્ષમા–લલિત–સુશીલ–સુધર્મસાગર ગુરૂભ્યો નમ:

# પ્રશ્નવ્યાકરણ
## સટીક વિષયાનુક્રમ

09/11/2021 મંગળવાર ૨૦૭૮ કારતક સુદ ૫

વિષયાનુક્રમ રચયિતા
આગમ દિવાકર ડો. મુનિ દીપરત્નસાગર
[M.Com. M.Ed. Ph.D. શ્રુતમહર્ષિ]

: સંપર્ક :
ડો. મુનિ દીપરત્નસાગરજી
'પાર્શ્વ વિહાર' જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે
Post ઠેબા, Dis. જામનગર, ગુજરાત 361120
Mobile 9825967397
jainmunideepratnasagar@gmail.com

આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી-૧૦

## ‘આગમ સટીક વિષયાનુક્રમ’ સંબંધે . આરંભે આટલું કહીશ

આપના કરકમલમાં અમે 'આગમ સટીક વિષયાનુક્રમ’ એવા કોમન નામથી ૪૫ આગમના ૪૫ પુસ્તકો પ્રગટ કરી રહ્યા છીએ. આ પૂર્વે ‘આગમ વિષય અનુક્રમ’ નામે અમે ૪૫ મૂળ આગમોની બૃહત્ અનુક્રમણિકા પ્રગટ કરેલી હતી. હવે દરેક આગમના પ્રત્યેક મૂલસૂત્ર અલગ અલગ મૂકી, તે સાથે તે આગમની ઉપલબ્ધ નિર્યુક્ત અને વૃત્તિ સહિત આ અનુક્રમણિકા બનાવેલ છે. (તેમાં કોઈ કોઈ આગમના ભાષ્ય અને ચૂર્ણી પણ સમાવેલ છે)

'આગમ સટીક વિષયાનુક્રમ’અભ્યાસ પદ્ધત્તિ —

૧. અમે પ્રત્યેક પેજ ઉપર ત્રણ કોલમ બનાવેલ છે, જેમાં પહેલી કોલમમાં મૂળ, વૃત્તિ, નિર્યુક્તિ, ભાષ્ય વગેરેની ઓળખ મૂ૦, વૃ૦, નિ૦, ભા૦ એવા સંક્ષેપથી કરી છે. બીજી કોલમમાં અંક મૂકેલ છે, જે અંક મૂળસૂત્ર કે નિર્યુક્તિ વગેરે સૂચવે છે. જેમ કે ‘મૂ૦ ૨૪’એટલે તે આગમનું ૨૪ મું મૂળ સૂત્ર.

૨. અમે સૂત્ર અનુક્રમને નોર્મલ બ્લેક ટાઈપમાં મૂકેલ છે, જ્યાં ગાથા આવી તેનો અનુક્રમ નોર્મલ બ્લુ ટાઈપમાં, નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણીનો અનુક્રમ ઇટાલિક બ્લેક ટાઈપમાં છે. વૃત્તિ અનુક્રમ લાલ ટાઈપમાં મૂકેલ છે.

૩. અમે મૂકેલ અંક મુજબ અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ તે સૂત્ર,નિર્યુક્તિ,વૃત્તિ આદિ શોધવા અતિ સરળ છે. તમે ફક્ત તે આગમ ખોલો, અહી આપેલ સૂત્રાંક જોઈને તે આગમમાં તે જ સૂત્રક્રમ સુધી જાઓ, તમારી પસંદનુ સૂત્ર વાંચી શકશો. જેમ કે– તમે આચારસૂત્રની અનુક્રમણિકામાં એક વિષય પસંદ કર્યો, તેનો ક્રમ છે ‘મૂ૦ ૨૪’ તો તમે અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ આચારસૂત્ર કાઢી, ૨૪ મું સૂત્ર ખોલો,તમારો વિષય મળી જશે

વિશેષ લાભ — બધાં પ્રકાશનોમાં સમાન ક્રમાંકન હોવાથી આ ગ્રંથની મદદથી આપ અમારા પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી કે હિન્દી; કોઈપણ ભાષામાં અને મૂલઆગમ કે સટીક, એ બંનેમાંથી કોઈપણ સ્વરૂપે આપના ઈચ્છિત વિષયનો અભ્યાસ કરી શકો છો. વળી ચારે ભાષાની તુલના દ્વારા કે મૂલ સૂત્ર અથવા તેના વિવેચન વડે આપના વિષયની તલસ્પર્શી માહિતીને સરળતાથી જાણી શકોછો કે ગહનતાથી સમજી શકો છો.

.....મુનિ દીપરત્નસાગર...

# ૪૫– આગમ વર્ગીકરણ

શ્વેતાંબર મૂર્તિપૂજક વર્તમાન પરંપરા મુજબ આગમોની સંખ્યા ૪૫ નિર્ધારિત કરાયેલી છે, આ ૪૫ આગમોનું વર્ગીકરણ છ વિભાગોમાં કરાયેલ છે. તે આ

11– અંગ, 12– ઉપાંગ, 10– પયન્ના, 6– છેદ, 4– મૂલ, 2– ચૂલિકા.

[૧] અંગસૂત્રો – [૧૧]

૧. આયાર, ૨. સૂયગડ, ૩. ઠાણ, ૪. સમવાય, ૫. વિવાહપન્નત્તિ,
૬. નાયાધમ્મકહા, ૭. ઉવાસગદસા, ૮. અંતગડદસા,
૯. અનુત્તરોપપાતિકદસા, ૧૦. પણ્હાવાગરણ, ૧૧. વિવાગસૂય

[૨] ઉપાંગસૂત્રો– [૧૨]

૧.ઉવવાઈઅ, ૨.રાયપ્પસેણિય, ૩.જીવાજીવાભિગમ, ૪.પન્નવણા,
૫.સૂરપન્નત્તિ, ૬.ચંદપન્નત્તિ, ૭.જંબૂદ્વીપપન્નત્તિ, ૮. નિરયાવલિયા,
૯.કપ્પવડિંસિયા, ૧૦.પુપ્ફિયા, ૧૧.પુપ્ફચૂલીયા, ૧૨.વણ્હિદસા.

[૩] પયન્નાસૂત્રો – [૧૦]

૧. ચઉસરણ, ૨.આઉરપચ્ચક્ખાણ, ૩.મહાપચ્ચક્ખાણ,
૪.ભત્તપરિણ્ણા, ૫.તંદુલવેયાલિય, ૬.સંથારગ, ૭.ગચ્છાયાર,
૮.ગણિવીજ્જા, ૯.દેવિંદત્થવ, ૧૦. મરણસમાહિ.

[૪] છેદસૂત્રો – [૬]

૧.નિસીહ, ૨.બૃહતકપ્પ, ૩.વવહાર, ૪.દસાસુયક્ખંધ,
૫.જીયકપ્પ, ૬.મહાનિસીહ

[૫] મૂલસૂત્રો – [૪]

૧.આવસ્સય, ૨.ઓહનિજ્જુત્તિ (પિંડનિજ્જુત્તિ),
૩.દસવેયાલિય, ૪.ઉત્તરજ્ઝયણાણિ

[૬] ચૂલિકાસૂત્રો –[૨]

૧.નન્દીસૂત્ર , ૨. અનુયોગદ્વાર.

આગમ સંબંધી અમારા બધાં જ પ્રકાશનોમાં આ વર્ગીકરણ સ્વીકારેલ છે.

.....મુનિ દીપરત્નસાગર...

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:

નમો નમો નિમ્મલદંસણસ્સ

પૂજ્ય શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગૂરૂભ્યો નમ:

# (૧૦) 'પ્રશ્નવ્યાકરણ' સટીક વિષયાનુક્રમ

| સંજ્ઞા | સંક્ષેપ | કલર | ટાઈપ |
|---|---|---|---|
| સૂ૦ | સૂત્ર | બ્લેક | નોર્મલ |
| ગા૦ | ગાથા | બ્લ્યુ | નોર્મલ |
| *નિ૦* | *નિર્યુક્તિ* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ભા૦* | *ભાષ્ય* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ચૂ૦* | *ચૂર્ણી* | *બ્લેક* | *ઈટાલિક* |
| **વૃ૦** | વૃત્તિ | રેડ | નોર્મલ |
| ભૂ૦ | ભૂમિકા | બ્લેક | નોર્મલ |

-: સૂચના :-

*જ્યાં 'વિષય અનુક્રમ'માં ૧,૨,૩, એવા ક્રમ જોવા મળે ત્યાં, તે બધી નિર્યુક્તિ, સૂત્ર કે ગાથા આદિનો સંયુક્ત અનુક્રમ સમજાવો. જેમ કે- અહી નિર્યુક્તિ ૨૩, ૨૪, ૨૫ માં ૧,૨,૩ લખ્યું છે, તો ત્યાં ત્રણે નિર્યુક્તિનો સંયુક્ત ક્રમ સમજવો

| | | |
|---|---|---|
| બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ: | | |
| નમો નમો નિમ્મલદંસણસ્સ | | |
| પૂજ્ય શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગૂરૂભ્યો નમ: | | |
| પ્રશ્નવ્યાકરણ સૂત્ર | | |
| વૃ૦ | ભૂ૦ | 'પશ્નવ્યાકરણ'નો અર્થ |
| આસ્રવદ્વાર (શ્રુતસ્કંધ-૧) | | |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૧ | ચંપાનગરી, પૂર્ણભદ્રચૈત્ય, અશોકવૃક્ષ, પૃથ્વીશિલાપટ્ટક<br>કોણિકરાજા, ધારિણીરાણી,<br>સુધર્માસ્વામીનુ વર્ણન, ચંપાનગરી આગમન<br>જંબૂ અણગારનું વર્ણન, જંબૂને શ્રદ્ધા આદિથી થયેલ પ્રશ્ન<br>સુધર્માસ્વામી પાસે વિધિવત જવું, અંજલી જોડીને પ્રશ્ન-<br>પ્રશ્નવ્યાકરણ દશાનો ઉપોદ્‌ઘાત<br>પ્રશ્નવ્યાકરણના બે શ્રુતસ્કંધ (સૂત્રાંતે સૂત્ર: ૪૭ માં અને વૃત્તિમાં<br>એક શ્રુતસ્કંધ જ કહ્યો છે) આશ્રવદ્વાર અને સંવરદ્વાર<br>શ્રુતસ્કંધનો ઉપોદ્‌ઘાત, બંનેમાં પાંચ પાંચ અધ્યયન<br>રૂઢીમાં એક શ્રુતસ્કંધ રૂપે જ 'પ્રશ્નવ્યાકરણ' પ્રસિદ્ધ છે |
| મૂ૦<br>વૃ૦ | ૨ | આશ્રવ, સંવર દ્વારા અર્થકથનની પ્રતિજ્ઞા<br>આશ્રવ, સંવર, પ્રવચન, જ્ઞાનનો સાર; વગેરેનો અર્થ<br>નિશ્ચય, મહર્ષિ શબ્દનો વિશિષ્ટ અર્થ<br>અર્થથી ભગવંતે અને સૂત્રથી સુધર્માસ્વામી કથિત<br>અરહંતો અર્થને કહે, સૂત્ર વડે ગણધરો ગૂંથે<br>આત્માગમ, અનંતરાગમ, પરંપરાગમ કોને કોને?<br>સૂત્રમાં અભિધેય, અભિધાયકત્વ, પ્રયોજન કઈરીતે? |
| મૂ૦<br>વૃ૦ | ૩ | આશ્રવના પાંચ ભેદ-હિંસા યાવત્ પરિગ્રહ<br>હિંસા આદિ નામોનો અર્થ, આશ્રવ બીજી રીતે ૪૨ પ્રકારે,<br>પાંચ આશ્રવથી પાંચ અધ્યયનોનું સૂચન |
| પ્રશ્નવ્યાકરણ, આસ્રવદ્વાર, અધ્યયન-૧-'હિંસા' | | |
| મૂ૦ | ૪ | હિંસા-સ્વરૂપ, પર્યાય, કારણ, પરિણામ, હિંસક |

## ૧૦. આગમ સટીક વિષયાનુક્રમ

| | | |
|---|---|---|
| વૃ૦ | | 'જેવો'શબ્દથી સ્વરૂપ, પર્યાયનામોથી નિરુક્તદ્વાર કથન |
| મૂ૦<br><br>વૃ૦ | ૫ | હિંસાના સ્વરૂપને જણાવતા ૨૨ નામો:- પાપ, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક, અનાર્ય વગેરે બાવીશ<br>પાપ, ચંડ, રુદ્ર, ક્ષુદ્ર, સાહસિક વગેરે ૨૨ શબ્દોનો અર્થ |
| મૂ૦<br>વૃ૦ | ૬ | હિંસાના ગુણવાચક ૩૦ નામો:-પ્રાણવધ વગેરે ત્રીશ<br>પ્રાણવધ,શરીરથીઉન્મૂલન,અવિશ્વસા આદિ ૩૦ ના અર્થ |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૭ | હિંસકનું સ્વરૂપ:- અસંયત, અવિરત આદિ<br>જે જીવોની હિંસા થાય છે તે જીવ-<br>મત્સ્ય, મગર આદિ જલચર;<br>ઘોડા, હાથી આદિ ચતુષ્પદ;<br>અજગર, મહોરગ આદિ સર્પ;<br>ઉંદર, નકુલ આદિ અનેક;<br>હંસ, બગલો, ક્રૌંચ, સુઘરી આદિ વિતતપક્ષી, સમુદ્રપક્ષી;<br>તિર્યંચ પંચેન્દ્રિય અને વિકલેન્દ્રિય જીવોની હિંસા.<br>હિંસાનું પ્રયોજન- ચામડું, ચર્બી, માંસ વગેરે માટે;<br>વિકલેન્દ્રિય જીવોની હિંસાના વિવિધ કારણો<br>સ્થાવર જીવોની હિંસા- ત્રસજીવ કે અન્યના આશ્રયે રહેલ એકેન્દ્રિયના સૂક્ષ્મ શરીરનો સમારંભ<br>આ સ્થાવર જીવો કેવા હોય? અત્રાણ, અશરીર વગેરે<br>તે હિંસાનું પ્રયોજન-<br>અજાણતા હિંસા તથા પોતાની જરૂરીયાત સંતોષવા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિની હિંસા.<br>હિંસકની માનસિક સ્થિતિ- દ્દઢદારુણમતી, મંદબુદ્ધિ આદિ<br>હિંસાનો હેતુ- હાસ્ય, વૈર, રતિ; અથવા...<br>- અર્થ, ધર્મ, કામ વગેરે<br>પ્રાણવધ કોનો(જેની હિંસા થાય, તે સર્વજીવોની વિસ્તૃત ઓળખ)<br>પ્રાણીવધનો હેતુ- અસ્થિ, મજ્જાદિ હેતુ, તે શબ્દોના અર્થ, |

| | | |
|---|---|---|
| | | વિકલેન્દ્રિયને હણવાના કારણોનું વર્ણન,<br>સ્થાવરોમાં પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, વનસ્પતિને હણવાના કારણોની વિસ્તૃત નોંધ. |
| મૂ૦ | ૮ | હિંસક કોણ? શૌકરિક, મત્સ્યબંધક, શાકુનિક વગેરે.<br>મ્લેચ્છ જાતિઓ કોણ? શક,ચવન,શબર,બબ્બર વગેરે; આ દેશોના નિવાસી હિંસામાં પ્રવૃત્ત રહે છે.<br><br>તેઓ કોની હિંસા કરે છે? જલચર,સ્થલચર,સનખપાદ આદિ સંજ્ઞી, અસંજ્ઞી વગેરેને આ અશુભ પરિણામી હણે.<br>તેઓ કેવા છે? પાપી, પાપાભિગમી, પાપરૂચી આદિ<br><br>હિંસાના અશુભ ફળો– દુઃખ વ્યાપ્ત તિર્યંચ+નરકગતિ<br>નરકમાં થતી દારુણ વેદનાનું સ્વરૂપ, વિસ્તારથી.<br>નરકમાં નારકી દ્વારા દારુણ અવાજો, નરકપાલને આજીજી, નરકપાલ વડે નારકીજીવોને અપાતી વિવિધ વેદના.<br><br>ઘણા જીવોનું નરકમાંથી તિર્યંચગતિમાં ભ્રમણ, તિર્યંચગતિના દીર્ઘકાળના દુઃખોનું વર્ણન, ત્યાંની વેદના.<br>એ પ્રમાણે કર્મજન્ય દુઃખ પામતા, ચઉરિન્દ્રિયમાં સંખ્યાત કાલ ભ્રમણ;<br>એ પ્રમાણે તેઈન્દ્રિયો, નરક સદ્દશ તીવ્ર વેદના ભોગવે;<br>બેઈન્દ્રિયો સંખ્યાત હજાર વર્ષ વેદના ભોગવે;<br>એકેન્દ્રિયોમાં પ્રત્યેકશરીરી અસંખ્યકાળ, અનંતકાય અનંત–કાળ સુધી ભમે.<br>અનુબદ્ધ હિંસાકારી જીવોનું અનંતકાળ સંસારભ્રમણ<br><br>મનુષ્ય પર્યાયમાં પણ કાણા, ઠુંઠા, લંગડા, બહેરાદિ દુઃખો<br>આ કર્મવિપાક કેવો હોય? તેનું વર્ણન...<br>આ પ્રાણવધનુ સ્વરૂપ+તે પાપીનું સ્વરૂપ+હિંસાનું પરિણામ |
| વૃ૦ | ૮ | પ્રાણીઓને હણનાર કોણ? તેમનું દેશ+જાતિથી વિવરણ<br>પ્રાણવધ પાપનો અશુભ ફળવિપાક, નરકગત્યાદિના દુઃખો<br>નરકપાલ દ્વારા અપાતા દારુણદુઃખોનું વિસ્તૃત વર્ણન |

| | | |
|---|---|---|
| | | વિકલેન્દ્રિય જીવો કોણ કોણ?, તેમના દુઃખો<br>એકેન્દ્રિય જીવોના ભેદો, તેમના દુઃખો કેવા છે?<br>મનુષ્યગતિના દુઃખોનું વિસ્તૃત વર્ણન<br>પહેલા અધર્મદ્વારનો ઉપસંહાર |
| | | |
| પ્રશ્નવ્યાકરણ, આસ્રવદ્વાર, અધ્યયન–૨–‘મૃષા’ | | |
| મૂ૦<br><br>વૃ૦ | ૯ | બીજું અધર્મદ્વાર ‘અલીકવચન’<br>મૃષા (અલીકવચન)નું વિશિષ્ટ સ્વરૂપ– લઘુસત્ક આદિ<br>અલિકવચન અર્થાત્ મૃષાવાદ, પાંચ દ્વારથી પ્રરુપણા–<br>૧. મૃષાવાદનું સ્વરૂપ,૨. પર્યાયનામો,૩. જેઓ મૃષાવાદ કરે છે, ૪.જે રીતે મૃષાવાદ કરાય છે,૫. મૃષાવાદનો ફળ વિપાક<br>લઘુસત્ક, લઘુચપળ આદિ શબ્દોના અર્થ |
| મૂ૦<br>વૃ૦ | ૧૦ | મૃષાના ગુણનિષ્પન્ન ૩૦ પર્યાય નામ–અલિક, શઠ વગેરે<br>અલિક, શઠ, અન્યાય્ય, માયામૃષા આદિ ૩૦ નામના અર્થ |
| મૂ૦ | ૧૧ | મૃષાવાદકો– પાપી, અસંયત, અવિરત વગેરે મૃષાવાદ કરે કુટિલ આદિ, નાસ્તિકવાદી, પાંચ સ્કંધવાદીવાદી, સુકૃતફળ આદિના અપલાપકો, અસદ્‌ભાવવાદીઓ, વિષ્ણુમયજગત–વાદી, એક આત્મવાદી, અકારકવાદી, અભ્યાખ્યાનવાદીઓ, કન્યા આદિ સંબંધી અલિકવાદીઓ, ભૂતોપઘાતવાદકો અને અનર્થદંડ અનુમોદકો આદિ મૃષાવાદકો છે.<br><br>જે રીતે મૃષાવાદ કરે તે– (મૃષાવાદીઓની કરણી)<br>જીવ, પુણ્ય પાપ કે પરભવ નથી આદિ કથન કરવું,<br>કપટથી વાત વધારીને કહેવી, ખોટા તોલમાપ કરવા,<br>દાન વ્રત પૌષધ તપ સંયમ વગેરેનું ફળ ન માનવું,<br>ઇન્દ્રિય અનુકુળ બધા વિષયોમાં વર્તવું<br>ઋદ્ધિ રસ સાતાગારવમાં આસક્તિ, ક્રિયામાં આળસુ<br>રાજ્ય વિરુદ્ધ અભ્યાખ્યાન કરે, ખોટા આળ ચડાવે,<br>અક્ષયદુખના કારણભૂત દૃઢ કર્મબંધને આત્માને બાંધે,<br>અધર્મજનક વચન બોલે, સ્વ+પરનો અનર્થ કરે |

| | | |
|---|---|---|
| વૃ૦ | | પશુ+પક્ષી+મત્સ્ય આદિ ઘાતકોને તે તે જીવો બતાવે, ચોર, જાસુસ, ગ્રંથિભેદકોને તેમને અનુરૂપ વસ્તુ બતાવે, આભિયોગ+ઔષધિપ્રયોગ, ઘણા પાપકર્મકરણ કરે, બીજાને સંતાપવા, અવિચારી બોલવું, સહસા ઉપદેશ વગેરે અનેક અકુશળ+અલિક પ્રવૃત્તીથી અસત્ય સેવવું.<br>અસત્ય બોલનારના (સૂત્રોક્ત બધા શબ્દોના) અર્થ<br>મુક્ત્વાદી+નાસ્તિક્વાદીનો મત,<br>પાંચમહાભૂતવાદી, પંચસ્કંધવાદી, વાયુજીવિકોનો મત,<br>હિંસા આદિ પાંચે આશ્રવોમાં દોષ ન માનનારનો મત<br>પ્રત્યાખ્યાનના ધર્મસાધનપણા કે કાલમૃત્યુના અભાવનો મત<br>અંડવાદ, સ્વયંભૂવાદ, પ્રજાપતિ નિર્મિત જગત,<br>**[કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ, પુરુષાર્થ પ્રત્યેક સાથે હોય તો સમ્યક્ત્વ, પણ છૂટા હોય તો મિથ્યાત્વ]**<br>અધર્મ સ્વીકારીને + નિષ્પ્રયોજન મૃષાવાદથી કરાતી પ્રવૃત્તિ.<br>આ અસત્યવાદીઓ કેવા છે?<br>ચપળ, પિશુન, પરમાર્થભેદક, અનર્થકારક, ઉપમર્દક આદિ વધ+બંધનાદિ પ્રવૃત્ત , ઇત્યાદિ વિશેષણયુક્ત<br>દ્રવ્યથી મૃષા ન હોય, પણ જીવોપઘાતકારી હોવાથી ભાવથી મૃષા જ હોય તેવી મન વચન કાયાની પ્રવૃત્તિ... |
| મૂ૦<br><br><br><br><br><br><br>વૃ૦ | ૧૨ | મૃષાવાદનું ફળ– ભયંકર+દુર્ગતિ પ્રાપ્ત કરાવનાર અંધકારરૂપ પુનર્ભવમાં ભટકે; દુર્ગત, દુરંત, અર્થ+ભોગ+સુખથી રહિત, શોભા+કાંતિ રહિત શરીર, ધર્મબુદ્ધિહિન ઇત્યાદિ<br>નરક + તિર્યંચ યોનિની વૃદ્ધિ, સેંકડો દુઃખાગ્નિમાં બળવું<br>ભોગવ્યા વિના મુક્તિ ન મળે તેવા કર્મવિપાક<br>ઉપસંહાર–બીજું મૃષાવાદ નામક અધર્મદ્વાર, તે કેવું છે?... ... તેનું સંક્ષેપ સારાંશ કથન<br>મૃષાવાદના અશુભ ફળવિપાક દર્શાવતા શબ્દોની વ્યાખ્યા<br>નિગમન વ્યાખ્યા પહેલા અધર્મદ્વાર મુજબ જાણવી |

| પ્રશ્નવ્યાકરણ, આસ્રવદ્વાર, અધ્યયન–૩–'અદત્ત' | | |
|---|---|---|
| મૂ૦ | ૧૩ | ત્રીજું અધર્મદ્વાર 'અદત્તાદાન'<br>અદત્તાદાનનું વિશિષ્ટ સ્વરૂપ– બીજાના ધનાદિમાં મૂર્છારૂપ, જેનું મૂળ લોભ છે તે, અધોગતિમાં લઇ જનાર ઈત્યાદિ. ...આ કૃત્ય રાજપુરુષ વડે રોકાનાર, સાધુજન નિંદિત, અપ્રીતિકારક, રાગદ્વેષની બહુલતાયુક્ત વગેરે છે.<br>અદત્તાદાન, પાંચ દ્વારથી પ્રરુપણા–<br>૧. અદત્તાદાનનું સ્વરૂપ, ૨. પર્યાયનામો, ૩. જેઓ અદત્ત આદાન કરે છે, ૪. જે રીતે અદત્તાદાન કરાય છે, ૫. અદત્તા–દાનનો ફળ વિપાક<br>અદત્ત, આદાન, પરસંતીગ આદિ શબ્દોના અર્થ<br>દુર્ગતિ વૃદ્ધિકારક આદિ આ દ્વાર, પહેલા દ્વાર માફક જાણવું |
| મૂ૦<br>વૃ૦ | ૧૪ | અદત્તાદાનના ગુણનિષ્પન્ન ૩૦ પર્યાય નામ–ચોરી,પરહૃતાદિ<br>ચોરી, પરહૃત, અદત્ત, કૂરીકૃત વગેરે ૩૦ નામના અર્થ |
| મૂ૦<br><br>વૃ૦ | ૧૫ | અદત્તાદાન કરનારાઓ–<br>પરદ્રવ્યહરણકર્તા, છેક, અવસરજ્ઞ,<br>સાહસિક,લોભગ્રસ્ત,અધિમરા,ઘણીરીતે દ્રવ્યહરણ કરવાની બુદ્ધિવાળા, પરદ્રવ્યહરણથી અવિરત વગેરે;<br>વિપુલ બળ+પરિગ્રહવાળા પરધનગૃદ્ધ રાજાઓ,(તે રાજાના) યુદ્ધના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન,<br>પૈદલ ચોર સમૂહ,<br>સામુદ્રી લુંટારા,(સમુદ્રના સ્વરૂપનું વિસ્તૃત વર્ણન),<br>શ્મશાન આદિમાં કાલ–અકાલ સંચરનારા<br><br>જે રીતે અદત્તાદાન કરે તે –<br>બીજા દેશ પર આક્રમણ કરે, સમુદ્રમાં ચડાઈ કરે, સામુદ્રિક વેપારીના વહાણને નષ્ટ કરે, ગ્રંથી ભેદ કરે, ગામ નગર આદિ નષ્ટ કરે, માનવોને બંદી બનાવી ગૃહ સંધી છેદે, નિજકોને હણે, લોકોના ઘરમાં રહેલ ધન ધાન્યાદિ હરે ઈત્યાદિ<br>ઉક્ત અદત્તાદાનકર્તાના પ્રત્યેક શબ્દોની વિસ્તારથી વ્યાખ્યા |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૧૬ | ચોરી કર્મ કરનારાને ચોરીના કટુ ફલોનું વર્ણન:–<br>આ લોકમાં– ચોરને માર પીટ, કેદ, પ્રહાર, યાતના વગેરે<br>વિવિધ બંધને બંધાવું, તે બેડી, રજ્જુ આદિ બંધનનું વર્ણન<br>કારાગૃહ અધિકારી વડે ચોરને અપાતી અનેક યાતનાઓ<br>કારાગૃહમાં તે પાપીને કરાતી અન્યાન્ય વેદના<br>લાંચિયા અને જુટ્ઠા બોલા રાજકિંકરો વડે અપાતો ત્રાસ<br>પ્રાણદંડ પામેલ ચોરોની શારીરિક માનસિક સ્થિતિ<br>આવા ચોરની સામજિક સ્થિતિ–સ્વજનો દ્વારા ત્યાગાદિ<br>તેઓના મૃત્યુ પછી તેમના શરીરની સ્થિતિ<br><br>દુર્ગતિ– મૃત્યુ બાદ નરકગતિ, ત્યાંની અદ્વિતીય વેદના<br>નરકમાંથી તિર્યંચગતિ, ત્યાં પણ ઘણી અશાતા<br>અનેક વાર નરક, લાખો વખત તિર્યંચગતિ ભ્રમણ<br>મનુષ્યભવ પામે તો અનાર્ય અને નીચ કુલોત્પતિ<br>આર્ય કુળમાં જન્મે તો લોકો દ્વારા બહિષ્કૃત જીવન<br>સંસારને સમુદ્રની ઉપમાથી ચોરના ચારે ગતિમાંના ભ્રમણની સમજ અને વિવિધ વેદનાની વિસ્તારથી ચર્ચા.<br>તે ચોરી કરનાર જ્યાં ઉત્પન્ન થાય ત્યાં તેઓ ઘણા જ ક્રોધ, માન, માયા, લોભ, મોહથી યુક્ત, ધર્મસંજ્ઞા આદિથી રહિત, દારીદ્રાદિથી અભિભૂત ઇત્યાદિ જાણવા<br>અદત્તાદાનકરનારાની ભાવિ વિષમ સ્થિતિનુ વર્ણન, આલોક પરલોકમાં પ્રાપ્ત કટુ વિપાકો, વેદ્યા વિના ન ભોગવાય તેવા ગાઢ કર્મો.<br>ઉપસંહાર–ત્રીજું અદત્તાદાન નામક અધર્મદ્વાર, કેવું છે ? |
| વૃ૦ | | અદત્તાદાનના અશુભ ફળવિપાક દર્શાવતા શબ્દોની વ્યાખ્યા<br>ચોરની થતી+અપાતી વેદનાનું વિસ્તૃત વર્ણન<br>ચોરના ૭ પ્રકારો, ચોરીના ૧૮ પ્રકારોના નામ અને અર્થ<br>મૃત્યુદંડ પામેલાને થતી+અપાતી વેદનાઓનું વર્ણન<br>જે સંસાર સાગરમાં વસે છે, તેનું દારુણ વર્ણન<br>ઉપસંહાર વાક્ય |

| પ્રશ્નવ્યાકરણ, આસ્રવદ્વાર, અધ્યયન–૪–'અબ્રહ્મ' | | |
|---|---|---|
| મૂ૦<br><br><br>વૃ૦ | ૧૭ | ચોથું અધર્મદ્વાર 'અબ્રહ્મ'<br>અબ્રહ્મનું વિશિષ્ટ સ્વરૂપ:– દેવ,મનુષ્ય,અસુરને પ્રાર્થનીય; સ્ત્રી,પુરુષ,નપુંસકવેદ ના ચિહ્નવાળું, પ્રમાદનું મૂળ વગેરે<br>અબ્રહ્મ, પાંચ દ્વારથી પ્રરુપણા–<br>૧. સ્વરૂપ, ૨. પર્યાયનામો, ૩. અબ્રહ્મ આચરનાર, ૪. જે રીતે અબ્રહ્મ કરાય છે, ૫. અબ્રહ્મનું ફળ<br>અબ્રહ્મનો અર્થ, મૈથુનની કોઈ જ અનુજ્ઞા નહી,<br>અબ્રહ્મના સ્વરૂપના પંક, પાશ, જાલ વગેરે શબ્દોના અર્થ |
| મૂ૦<br>વૃ૦ | ૧૮ | અબ્રહ્મના એકાર્થક ત્રીશ નામો– મૈથુન, સંસર્ગી વગેરે<br>અબ્રહ્મના ત્રીશે એકાર્થક નામોની વ્યાખ્યા |
| મૂ૦ | ૧૯ | અબ્રહ્મસેવીઓ અને તેમના કામભોગની અતૃપ્તિ :–<br>અપ્સરા સાથે ૧૦ ભેદે ભવનપતિ+ ૧૬ ભેદે વ્યંતર+ ૨ ભેદે જ્યોતિષ્ક અને વૈમાનિક દેવ દ્વારા સેવન;<br>મનુષ્ય, પંચેન્દ્રિય તિર્યંચ વગેરે દ્વારા મૈથુનસેવન<br>અન્યોન્ય સેવાતા આ મૈથુનથી દર્શન+ચારિત્ર મોહ બાંધે<br>ચક્રવર્તીની ઋદ્ધિ, ભરતક્ષેત્રના પર્વત આદિ સ્થાનોથી યુક્ત; સૂર્ય, ચંદ્ર, શંખ વગેરે પ્રશસ્ત લક્ષણને ધારણકર્તા; ૩૨,૦૦૦ રાજા વડે અનુસરિત, ૬૪,૦૦૦ યુવતીને પ્રિય, તેમના વસ્ત્ર,શરીરશોભા, ધ્વની, ૧૪ રત્નો, ૯ નિધિ આદિ સમૃદ્ધિ છતાં અતૃપ્ત કામભોગોથી મૃત્યુ.<br>બલદેવ + વાસુદેવની સમૃદ્ધિ, તેમના ગુણો, શસ્ત્રો, આભરણાદિનું લંબાણથી વર્ણન. તેઓ પણ ભોગોથી તૃપ્ત થાય વિના મરણ ધર્મને પામે<br>માંડલિક રાજાની વિપુલ રાજ્યશ્રી, છતાં કામભોગથી અતૃપ્ત રહીને મૃત્યુ<br>ઉત્તરકુરુ દેવકુરુ આદિ ભોગભૂમીઓના મનુષ્ય અને તેમની સ્ત્રીઓના શરીરસૌંદર્ય આદિનું અતિ વિસ્તૃત વર્ણન, ઘણું જ લાંબુ આયુષ્ય, છતાં ભોગતૃપ્તિ વિના મરણ |

| | | |
|---|---|---|
| વૃ૦ | ૧૯ | અબ્રહ્મસેવી દેવગણ, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ, માંડલિક વગેરેનું અતિ લંબાણથી વર્ણન;<br>તેઓના લક્ષણો, ઋદ્ધિ, સ્થાનો આદિ શબ્દોના અર્થ;<br>ચક્રવર્તીના ૧૪ રત્નો, ૯ નિધિઓના નામ<br>બલદેવાદિના નામાંતર + વિશેષણોના અર્થ, દશ દશાર્હના નામો, યાદવ કુમારો.<br>સ્ત્રીઓના ૩૨ લક્ષણો અને તેમના સૌંદર્યનું વર્ણન<br>આ બધા છતાં કામભોગની અતૃપ્તિ અને મરણ |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૨૦ | મૈથુન સેવનના કટુફળ:–<br>મોહથી ભરેલા એકબીજાને શસ્ત્ર વડે હણે,<br>પરસ્ત્રી લંપટતાથી ધન અને સ્વજનનો વિનાશ<br>પશુ, પક્ષી, મનુષ્ય આદિ એકબીજાના શત્રુ બને<br>આલોક અને પરલોક બંને દુરારાધક બને<br>મૈથુનને કારણે પૂર્વકાલમાં સીતા, દ્રૌપદી, રુક્મિણી, કાંચના,<br>પદ્માવતી, રક્તસુભદ્રા આદિ નિમિતે સંગ્રામ થયા<br><br>મોહવશીભૂત પ્રાણીનું અનાદિઅનંત, દીર્ઘકાલિક, ચાતુરંત, સંસાર અટવીમાં ભવભ્રમણ<br>અબ્રહ્મના કટુ વિપાક, અલ્પસુખ અને બહુ દુઃખદાયી આદિ છે. જે ગાઢ કર્મો વેધા વિના મોક્ષ થતો નથી<br>ઉપસંહાર–ચોથું અબ્રહ્મ નામક અધર્મદ્વાર, કેવું છે ?<br><br>મૈથુનહેતુક– સીતા, દ્રૌપદી, રુક્મિણી, કાંચના, પદ્માવતી, રક્તસુભદ્રા આદિ નિમિત્તે થયેલ સંગ્રામનો સામાન્ય ચિતાર.<br>ઉપસંહાર વાક્ય |
| | | |
| **પ્રશ્નવ્યાકરણ, આસ્રવદ્વાર, અધ્યયન–૫–‘પરિગ્રહ’** | | |
| મૂ૦ | ૨૧ | પાંચમું અધર્મદ્વાર ‘પરિગ્રહ’<br>અબ્રહ્મનું વિશિષ્ટ સ્વરૂપ:–વિવિધ મણિ, પુત્રાદિ પરિવાર, પશુ,પક્ષી, વાહન,ધન, આદિ ભોગવવા છતાં તૃપ્તિ ન થઇ. |

| | | |
|---|---|---|
| વૃ૦ | ૨૧ | વૃક્ષની ઉપમાથી 'પરિગ્રહ' અધર્મદ્વારના સ્વરૂપની સમજ<br>પરિગ્રહનો અર્થ, પરિગ્રહનું સ્વરૂપ  દર્શાવતા શબ્દોનો અર્થ |
| મૂ૦<br>વૃ૦ | ૨૨ | પરિગ્રહના ગુણનિષ્પન્ન ૩૦ પર્યાય નામ–સંચય,નિધાનાદિ<br>પરિગ્રહ, સંચય, ચય વગેરે શબ્દોની વ્યાખ્યા |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૨૩ | પરિગ્રહકર્તા:–<br>ઉત્તમ ભવન, નિવાસનું મમત્ત્વપૂર્વક  ગ્રહણ સર્વે ભવનપતિ દેવો, વ્યંતર દેવો, જ્યોતિષ્ક દેવગણ, વૈમાનિક દેવો; એ સર્વે પર્ષદા સહિત પરિગ્રહ ગ્રહણ કરે.<br>ભવન, વાહન, વિમાન આદિ પરિગ્રહથી સંતુષ્ટી ન પામે કર્મભૂમિ સ્થિત ચક્રવર્તીથી સામાન્ય મનુષ્ય પરિગ્રહ કરે.<br>પરિગ્રહ કેવો છે?<br>અશરણ, દૂરંત, અનિત્ય, પાપકર્મનું મૂળ, વધ.બંધ.કલેશનું કારણ અને લોભગ્રસ્તતાથી વિકટ સંસારમાં પરિભ્રમણ<br>પરિગ્રહ માટે–<br>સેંકડો શિલ્પો, શિક્ષાદિ ઉત્પન્ન કરનારી ૭૨ કળા, સ્ત્રીઓ વડે ૬૪ કળા, વાણિજ્ય વગેરે અનેક શિક્ષા લે, પરિગ્રહના સેંકડો ઉપાય કરે, હિંસા.મૃષાદિ પાપો સેવે, ત્રણ ગારવ, શલ્ય, દંડ, કષાયાદિ સેવે. અનંત દ્રવ્યગ્રહણની ઈચ્છા કરે.<br>**સર્વ લોકમાં સર્વ જીવને પરિગ્રહ સમાન કોઈ બંધન નથી**<br>અસુરકુમાર આદિ ભવનવાસી, અણપન્ની+પિશાચાદિ વ્યંતરો ચંદ્ર આદિ પંચવિધ જ્યોતિષી વગેરેના ભેદોનું કથન<br>તેઓ જેનું મમત્ત્વ કરે છે, તે વસ્તુઓ નામ અને  વ્યાખ્યા<br>આ પરિગ્રહ કેવો? અનંત, અશરણ આદિ શબ્દોની વ્યાખ્યા<br>અસિ, મસિ, કૃષિ;  પ્રાણવધ, અલિકાદિ શબ્દોની વ્યાખ્યા |
| મૂ૦ | ૨૪ | પરિગ્રહ આસક્તના અશુભ ફળ.વિપાકો–<br>જન્માંતરમાં નાશ પામે, અજ્ઞાન અંધકારમાં પ્રવેશે<br>લોભવશ થઈ ત્રસ+સ્થાવરાદિ ચતુર્ગતિક સંસારે ભમે<br>ઘણું દુઃખ, અલ્પસુખ વગેરે ભોગવ્યા વિના છૂટકો ન થાય |

| | | |
|---|---|---|
| વૃ૦ | | ઉપસંહાર–પાંચમું પરિગ્રહ નામક અધર્મદ્વાર, કેવું છે ?<br>પરિગ્રહ જે ફળ આપે છે તેનું સંક્ષેપમાં કથન<br>કેવા જીવસ્થાનોમાં પરિગ્રહી નાશ પામે? તેનું કથન. |
| વૃ૦<br>મૂ૦ | <br>૨૫ | (૨૫-૨૯) પાંચ આશ્રવનો નિષ્કર્ષ<br>પાંચ આસ્રવ નિમિત્તે જીવ કર્મ સંચય કરી સંસારે ભમે |
| મૂ૦ | ૨૬ | ધર્મને ન સાંભળે કે સાંભળીને પ્રમાદ કરે તે અનંતકાલ ભમે |
| મૂ૦ | ૨૭ | મિથ્યાદૃષ્ટિ અધાર્મિક, ધર્મ સાંભળે પણ આચરે નહી |
| મૂ૦ | ૨૮ | જિનવચન, મધુર વિરેચન છે, છતાં ન પીએ તેનું શું કરવું? |
| મૂ૦ | ૨૯ | પાંચ આસ્રવ ત્યાગી,પાંચ સંવર આદરે, તે સિદ્ધિને પામે |
| | | પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર (શ્રુતસ્કંધ-૨-) |
| વૃ૦ | | પાંચ આસ્રવ કહ્યા, હવે પાંચ સંવર દ્વારનું કથન |
| મૂ૦<br>વૃ૦ | ૩૦ | પાંચ ‘સંવર’ના કથનની પ્રતિજ્ઞા<br>‘સંવર’નો અર્થ, પ્રાણાતિપાત વિરમણ ક્રમથી કથન |
| મૂ૦<br>વૃ૦ | ૩૧ | પાંચ સંવરના નામ: અહિંસા, સત્ય વગેરે<br>પાંચે સંવર, તેના નામ અને અર્થ |
| | | પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર, અધ્યયન-૧(૬) ‘અહિંસા’ |
| મૂ૦<br>વૃ૦ | ૩૨ | સંવરમાં પહેલી અહિંસા, ભાવના સહિત તેની કથનપ્રતિજ્ઞા<br>સંવર શબ્દ વડે કથન, અહિંસાના મહતાદર્શક વચનો |
| મૂ૦<br><br><br>વૃ૦ | ૩૩ | ભગવંતે કહેલ પાંચ સંવરોની મહતા<br>અહિંસાના ૬૦ પર્યાય નામો: નિવૃત્તિ, સમાધિ, દયા વગેરે<br>અહિંસા ભગવતીના આ અને આવા બીજા નામો હોય<br>અહિંસા કેવી?<br>તેના પર્યાયદર્શક શબ્દ આદિ, તથા તેની વિશદ વ્યાખ્યા. |
| મૂ૦<br><br>વૃ૦<br><br><br>મૂ૦ | ૩૪ | અહિંસા ભગવતીની ઉપમાઓ:-<br>ભયભીત માટે શરણભૂત, પક્ષી માટે ગમન સમાન વગેરે<br>‘ભગવતી’નો અર્થ,<br>અહિંસાના ઉપમાદર્શક વાક્યો અને વ્યાખ્યા, વિસ્તારથી.<br>અહિંસાનું સ્વરૂપ:-અપરિમિત જ્ઞાનદર્શનધર તીર્થંકર વડે<br>દૃષ્ટ, અવધિજિન વડે વિજ્ઞાત, પૂર્વધરો વડે અધિત,વૈક્રિય |

| | | |
|---|---|---|
| | | લબ્ધિધરે પાળેલ, વગેરે વિશેષણ યુક્ત |
| વૃ૦ | | જેના વડે અહિંસા આચરાઈ, તેનું વિશિષ્ટ વર્ણન. |
| મૂ૦ | | અહિંસાના આરાધકો:– |
| | | મતિઆદિજ્ઞાની, વિપુલલબ્ધિધર, શ્રુતધર, મનબલિ આદિ |
| | | ઉપવાસ.આયંબિલ આદિ ધારક, ઉત્ક્ષિપ્ત આદિ આહારલેનાર |
| | | અંત.પ્રાંત આહારી,વિવિક્તજીવી,વગેરે દ્વારા આચરેલ... |
| | | તેમજ..તેજપ્રજ્ઞાસંપન્ન, સ્વાધ્યાયી,ધ્યાની,ચારિત્રી,સમિત, |
| | | નિત્ય અપ્રમત્ત, જગત્વત્સલ આદિ વડે આરાધિત |
| | | અહિંસાના પાલકના કર્તવ્યો:– |
| | | સ્થાવર અને ત્રસ, સર્વ જીવો પ્રતિ સંયમિત થઇ શુદ્ધ ભિક્ષા |
| | | ગવેષણા કરે, નવકોટી વિશુદ્ધ, દશ દોષરહિત, ઉદ્ગમ આદિ |
| | | દોષ રહિત વગેરે અચિત અને પ્રાસુક ભિક્ષા લે. |
| | | કેવો આહાર લે? ચિકિત્સા,જ્યોતિષાદિ દોષમુક્ત ભિક્ષા લે |
| વૃ૦ | | અહિંસાના આરાધકોની વિસ્તૃત ઓળખ (ખાસ જોવી) |
| | | સૂત્રમાં કહ્યા મુજબ ભિક્ષા ગવેષણા કરનાર કેવો થાય? તેની |
| | | અજ્ઞાત, અગ્રથિત વગેરે વિશેષણોથી ઓળખ |
| | | અહિંસાનું ફળ:– આત્મહિતકર યાવત સર્વ દુખ ઉપશામક |
| મૂ૦ | ૩૫ | અહિંસા વ્રતની ભાવના:–(સંયમી અહિંસક સુસાધુ કોણ?) |
| | | ૧. ઈર્યાસમિતિ પાલન, જીવોની હિલના,નિંદાદિ ન કરે. |
| | | ૨. મન સમિત–પાપયુક્ત મન વડે ન વિચારે |
| | | ૩. વચન સમિત– પાપમય વાણીથી કઈ જ ન બોલે |
| | | ૪. આહારાદિના શુદ્ધ ગવેષક, આહાર કરવાની વિધિ પાળે |
| | | ૫. આદાનભંડનિક્ષેપ સમિત– આ સમિતિને શુદ્ધ પાળે |
| | | ઉપસંહાર વાક્ય: પાંચ ભાવનાથી અહિંસાસંવરદ્વાર પાલિત. |
| | | પહેલા સંવર દ્વારની સ્પર્શના યાવત અનુપાલના. |
| | | 'ભાવના'નો અર્થ, |
| વૃ૦ | | પ્રાણાતિપાત વિરમણ વ્રતના રક્ષણ માટે ઉપયોગી, |
| | | પાંચે ભાવનાની વિસ્તૃત ચર્ચા, તેની તેની વ્યાખ્યા સાથે |
| | | ઉપસંહાર વાક્યનો વિસ્તાર + સુંદર અધ્યયન નિષ્કર્ષ. |
| | | |

| પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર, અધ્યયન–૨(૭) – 'સત્ય' | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૩૬ | બીજું સંવર દ્વાર: સત્ય વચન<br>સત્યનું સ્વરૂપ અને પ્રભાવ:–<br>સત્ય– શુદ્ધ, શુચિ, સુજાત, સુભાષિતાદિ વિશેષણયુક્ત છે<br>સુરવર, નરવૃષભ વગેરે દ્વારા બહુમત<br>ધર્મઅનુષ્ઠાન, તપ નિયમથી પરિગૃહિત ઈત્યાદિ<br>સમુદ્ર પાર ઉતારનાર, અગ્નિથી ન બળનાર, પર્વતની ટોચેથી પડવા છતાં ન મરે; ઈત્યાદિક પ્રભાવવાળું<br>તીર્થંકરે દશ ભેદે કહ્યું, ચૌદપૂર્વીએ પ્રાભૃતથી જાણ્યું મહર્ષિઓને સિદ્ધાંતરૂપે દેવાયુ; ઈત્યાદિ સ્વરૂપવાળું.<br>કેવું સત્ય ન બોલવું ?<br>જે સત્ય સંયમમાં બાધક બને, સાવદ્ય યુક્ત હોય,અનાર્ય હોય, સ્વ પ્રશંસા અને પરનિંદા યુક્ત હોય; ઈત્યાદિ<br>કેવું સત્ય બોલવું ?<br>જે સત્ય દ્રવ્ય.ગુણ.પર્યાયોથી યુક્ત, આગમ યુક્ત હોય, ધાતુ.સ્વર.વિભક્તિ આદિ યુક્ત હોય; ઈત્યાદિ<br>ભાષા ૧૨ પ્રકારે અને વચન ૧૬ ભેદે છે.<br>'સત્ય'ની વ્યાખ્યા, સત્યનું સ્વરૂપ જણાવતા બધા શબ્દો અને તેના અર્થ, લંબાણથી...<br>દશવૈકાલિક સૂત્રમાં સત્યના જનપદસત્ય આદિ ભેદો કહ્યા<br>કેવું સત્ય ન બોલવું? તે જણાવતા પદોની નોંધ+વર્ણન<br>કેવું સત્ય બોલવું? દ્રવ્ય, પર્યાય, ગુણ વગેરેનું વર્ણન<br>નામ, વિભક્તિ, સત્ય, ભાષા, વચન આદિના ભેદોના નામ |
| મૂ૦ | ૩૭ | સત્યપ્રતની ભાવના(સાધુ, સંયત શૂર આર્જવસંપન્ન ક્યારે થાય?)<br>૧.અનુવીચિ ભાષણ–યતનાપૂર્વક સમ્યક્ વિચારેલ બોલવું<br>૨.ક્રોધનિગ્રહ– ક્રોધનું સેવન ન કરવું, તેનું કારણ...<br>૩. લોભનિગ્રહ–લોભનું સેવન ન કરવું, તેનું કારણ...<br>૪.નિર્ભયતા– ભયભીત ન થવું. તેનું કારણ ...<br>૫. પરિહાસવર્જન– હાસ્ય ન સેવવું, તેનું કારણ |

| | | |
|---|---|---|
| | | ઉપસંહાર વાક્ય: પાંચ ભાવનાથી સત્ય સંવરદ્વાર પાલિત.<br>બીજા સંવર દ્વારની સ્પર્શના યાવત અનુપાલના. |
| વૃ૦ | | અલીક આદિથી રક્ષણ માટે ભગવંતે સારી રીતે કહેલ ભાવ<br>મૃષાવાદ વિરમણ વ્રતના રક્ષણ માટે ઉપયોગી,<br>પાંચે ભાવનાની વિસ્તૃત ચર્ચા, તેની તેની વ્યાખ્યા સાથે<br>ઉપસંહાર વાક્યનો વિસ્તાર + સુંદર અધ્યયન નિષ્કર્ષ. |
| | | |
| પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર, અધ્યયન–૩(૮) – 'દત્તાનુજ્ઞા' | | |
| મૂ૦ | ૩૮ | ત્રીજું સંવર દ્વાર: દત્તાનુજ્ઞાત(અદત્તાદાન વિરમણ)<br>...સૂત્રકાર કહે છે– આ મહાવ્રત તેમજ અણુવ્રત પણ છે.<br>... પારકા દ્રવ્યના હરણની નિવૃત્તિરૂપ ક્રિયાથી યુક્ત<br>દત્ત અનુજ્ઞાતનું સ્વરૂપ અને પ્રભાવ:–<br>મન.વચન.કાયાથી પાપમય પરદ્રવ્યનો સમ્યક્‌નિગ્રહ કરે<br>વ્રતના પ્રભાવે મનની સુસંયમિતતા,અદત્તાદાન વિરતતા<br>ગ્રામ આદિમાં પડેલ વસ્તુ લેવી ન કલ્પે, તેનું કારણ<br>કોઈપણ વસ્તુ, અલ્પ કે ઘણી; સૂક્ષ્મ કે સ્થૂળ; કોઈના<br>આપ્યા વિના કે આજ્ઞા વિના લેવી ન કલ્પે, ઈત્યાદિ.<br>... આ વ્રતના આરાધક કોણ ન થાય? વર્ણન<br>... આ વ્રતના આરાધક કોણ થાય? વિશિષ્ટ વર્ણન<br><br>પરદ્રવ્યહરણ વિરમણ વ્રતની ભાવના (સાધુને દત્ત અનુજ્ઞાત<br>અવગ્રહની રુચિ ક્યારે થાય?)<br>૧. સાધુએ કેવા ઉપાશ્રયમાં વિચરવું.ન વિચરવું, તેનું કારણ<br>૨. ઉપાશ્રયમાંની ગ્રાહ્ય વસ્તુ દાતાએ આપ્યા વિના ન લે<br>૩. જ્યાં નિવાસ કરે ત્યાં જ શય્યાની ગવેષણા કરે, કારણ<br>૪. સાધારણ સંમિલિત આહાર મળતા, યતના પૂર્વક વાપરે<br>૫. સાધર્મિક પ્રત્યે વિનય પ્રયોજવો, તેનું કારણ<br>ઉપસંહાર વાક્ય: પાંચ ભાવનાથી અસ્તેય સંવરદ્વાર પાલિત<br>ત્રીજા સંવર દ્વારની સ્પર્શના યાવત અનુપાલના. |
| વૃ૦ | | દત્ત અનુજ્ઞાત શબ્દોનો અર્થ, આ ત્રીજું સંવર દ્વાર<br>વૃત્તિકાર આ વ્રતને મહાવ્રત અને ગુણવ્રત બંને કહે છે |

| | | |
|---|---|---|
| | | ત્રીજા વ્રતનું સ્વરૂપ– પરદ્રવ્યહરણ પ્રતિ વિરતિકરણયુક્ત ‘દત્તઅનુજ્ઞાત’નું સ્વરૂપ જણાવતા બધા શબ્દો અને તેના અર્થ, લંબાણથી...<br>મૂલ્યમાં અલ્પ કે વધુ, પ્રમાણમાં થોડું કે ઝાઝું; રોજે રોજ આજ્ઞાથી લેવું કલ્પે, અન્યથા સર્વ કાલે વર્જે, તે વિધિ.<br>અદત્તના ચાર ભેદ: સ્વામી, જીવ, તીર્થંકર, ગુરુ અદત્ત.<br>આ વ્રતના આરાધક કોણ થાય? કોણ ન થાય? આ બંનેનું વિશદ વર્ણન, અવિસંવિભાગી અને અસંગ્રહરુચિનો અર્થ<br>તપ, વાણી, રૂપ, આચાર અને ભાવ–ચોરનો અર્થ<br>શબ્દકર, ઝંઝાકર, કલહકર, વિકથાકાર, અસમાધિકાર અને અપ્રમાણભોજી શબ્દોના અર્થ<br>વૈયાવચ્ચના દશ ભેદ: આચાર્યની, ઉપાધ્યાયની વગેરે<br>પરદ્રવ્યહરણ વિરમણવ્રતના પાલન માટેની ૫ ભાવના:–<br>૧. વિવિક્ત વસતિવાસ, ૨.અનુજ્ઞાત સંસ્તારક ગ્રહણ, ૩. શય્યાપરિકર્મ વર્જન, ૪. અનુજ્ઞાત ભક્તાદિ ભોજન, ૫. સાધર્મિકોમાં વિનય પ્રયોજવો. આ પાંચેનું વિસ્તૃત વર્ણન<br>ઉપસંહાર વાક્યનો વિસ્તાર + સુંદર અધ્યયન નિષ્કર્ષ. |
| | | |
| પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર, અધ્યયન–૪(૯) – ‘બ્રહ્મચર્ય’ | | |
| મૂ૦ | ૩૯ | ચોથું સંવર દ્વાર: બ્રહ્મચર્ય<br>બ્રહ્મચર્યનું સ્વરૂપ, ઉપમા અને પ્રભાવ:<br>ઉત્તમ તપ,નિયમ,જ્ઞાનાદિત્રય,સમ્યક્ત્વ,વિનયનું મૂળ યમ,નિયમ,ગુણપ્રધાનયુક્ત,સાધુજનથી આચરિત, મોક્ષનો માર્ગ,પાંચ મહાવ્રતોમાં સુરક્ષિત આદિ બ્રહ્મચર્યનું સ્વરૂપ...<br>ઉપમા: કમળોથી સુશોભિત સરોવર, તળાવ સમાન પાળી, મહાશકટના પૈડાના આરાની નાભિ સમાન વગેરે<br>બ્રહ્મચર્યની ૩૨ ઉપમાઓ:<br>ગ્રહગણ નક્ષત્ર તારામાં ચંદ્ર સમાન; મણિ,મોતી,શિલાદિના |

| | | |
|---|---|---|
| | | આકરરૂપ સમુદ્ર સમાન ઇત્યાદિ ૩૨ ઉપમાઓ.<br>બ્રહ્મચર્યની આરાધનાનો પ્રભાવ:<br>અનેકગુણો આધીન થાય, એક બ્રહ્મચર્ય આરાધતા બધા વ્રતો આરાધિત થાય, આલોક+પરલોક યશ+કીર્તિની પ્રાપ્તિ આદિ<br>બ્રહ્મચર્યનું આજીવન પાલન કરવું, તેના કારણો:– |
| મૂ૦ | ૪૦ | પાંચ મહાવ્રતોનું મૂળ, શુદ્ધાચારી મુઈ વડે સેવિત વગેરે |
| મૂ૦ | ૪૧ | તીર્થંકરો વડે કહેલ સુમાર્ગરૂપ; નરકાદિગતિરોધક વગેરે |
| મૂ૦ | ૪૨ | દેવેન્દ્રાદિ વડે પૂજિત, ઉત્તમ અને મંગલ માર્ગ વગેરે |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૪૩ | શુદ્ધ બ્રહ્મચર્ય પાળનાર જ ઋષિ, મુનિ, ભિક્ષુ છે.<br>બ્રહ્મચારીના અકૃત્ય:–<br>બ્રહ્મચર્ય પાલનકર્તાએ સર્વકાલ ત્યાજ્ય વિગતો:–<br>...રતિ,રાગ,દ્વેષવૃદ્ધિકર પ્રમાદદોષ; પાર્શ્વસ્થ જેવું આચરણ, અભ્યંગન, સ્નાન, વારંવાર હાથ વગેરે ધોવા; ઇત્યાદિ<br>બ્રહ્મચારીના કૃત્ય:–<br>જેનાથી બ્રહ્મચર્ય અતિસ્થિર થાય તે–સ્નાનાદિ ન કરે, સ્વેદ મલ આદિ ધારણ કરે, કેશલોચ કરે; ઇત્યાદિ<br><br>બ્રહ્મચર્ય વ્રતની પાંચ ભાવના:–<br>૧. અસંસક્ત વાસ વસતિ સમિતિ યોગ–(તેનું વર્ણન)<br>૨. સ્ત્રી કથા વિરતિ યોગ–(તેનું વર્ણન)<br>૩. સ્ત્રી રૂપ.આદિ સમિતિ યોગ–(તેનું વર્ણન)<br>૪. પૂર્વ રત, પૂર્વ ક્રીડિત વિરતિ સમિતિ યોગ –(તેનું વર્ણન)<br>૫. પ્રણિત આહાર વિરતિ સમિતિ યોગ –(તેનું વર્ણન)<br><br>ઉપસંહાર વાક્ય: પાંચ ભાવનાથી બ્રહ્મચર્યસંવરદ્વાર પાલિત ચોથા સંવર દ્વારની સ્પર્શના યાવત અનુપાલના.<br>ચોથું સંવર દ્વાર– 'બ્રહ્મચર્ય'<br>બ્રહ્મચર્યનું સ્વરૂપ જણાવતા બધા શબ્દો,પદો કે વાક્ય અને તેના અર્થ, અતિ વિસ્તારથી.<br>ક્યાં જવું, ક્યાં રહેવું આદિ રાગી જ ચિંતવે; નીરાગી સુખે રહે |

| | | |
|---|---|---|
| | | જિનવરે મૈથુનસિવાય કઈ એકાંતે અનુમત કે નિષેધ કર્યું નથી<br>બ્રહ્મચર્યની ઉપમાઓ અને તેનું વર્ણન, લંબાણથી...<br>બ્રહ્મચર્યવ્રત આરાધિત થતા બીજું શું શું આરાધિત થાય?<br>બ્રહ્મચર્યવ્રતની સ્તવના માટે ત્રણ ગાથાઓ, અર્થ વર્ણન<br>ચતુર્થ વ્રતની પાંચ ભાવના:–<br>૧. સ્ત્રી સંસક્ત વસતિનું વર્જન  ૨.સ્ત્રી પર્ષદામાં કથાવર્જન<br>૩. સ્ત્રી રૂપ નિરિક્ષણવર્જન,  ૪.કામોદયકારી વસ્તુનું દર્શન સ્મરણ અર્જન,  ૫. પ્રણિત ભોજન વર્જન<br>(વૃત્તિકારે આ પાંચ ભાવનાઓનું વર્ણન ઘણા લંબાણથી કર્યું છે)<br>ઉપસંહાર વાક્યનો વિસ્તાર + સુંદર અધ્યયન નિષ્કર્ષ. |
| | | |
| પ્રશ્નવ્યાકરણ, સંવરદ્વાર, અધ્યયન–૫ (૧૦) – 'પરિગ્રહ' | | |
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૪૪ | અપરિગ્રહનું  સ્વરૂપ:–<br>આરંભ અને પરિગ્રહથી વિરત, ક્રોધાદિથી વિરત જ શ્રમણ છે<br>એકથી તેત્રીસ બોલ:–<br>એક અસંયમ, બે રાગ.દ્વેષ, ત્રણ દંડ યાવત ૩૩ આશાતના<br>અપરિગ્રહનો અર્થ, પરિગ્રહના બે ભેદ– બાહ્ય+અભ્યંતર<br>એકથી તેત્રીશ બોલ–<br>એક–અસંયમ, બે–રાગ દ્વેષ, ત્રણ–દંડ (દુષ્પ્રણિહિત મન, વચન, કાયા) ત્રણ–ગારવ (અભિમાનથી ઋદ્ધિ, રસ, સાતા વિષયક પરિણામ) એ રીતે ૩૩ બોલ સુધીનું સંપૂર્ણ વર્ણન |
| મૂ૦ | ૪૫ | અપરિગ્રહત્વનું વર્ણન :–<br>વૃક્ષની ઉપમાથી પરિગ્રહવિરતિનું સુંદર કથન<br>ગામ,નગરાદિમાં અલ્પ કે બહુ, નાની કે મોટી વસ્તુ;  મનથી પણ લેવી ન કલ્પે. ચાંદી, સોનું આદિ કઈ લેવું ન કલ્પે.<br>આ રીતે વર્જવા યોગ્ય અન્ય વસ્તુઓનું કથન<br>સાધુને શેનો સંચય કરવો ન કલ્પે?<br>સાધુને કેવો આહાર લેવો ન કલ્પે?<br>સાધુને કેવો આહાર લેવો કલ્પે? |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૪૫ ચાલુ | ગમે તેવા રોગ.આતંકમાં ઔષધ આદિનો સંચય ન કલ્પે<br>ઉપધિ.ઉપકરણ રાગ.દ્વેષ રહિત થઈ વાપરે, પડિલેહણ કરે<br>ઉક્ત આચાર પાલનથી તે સાધુ કેવા થાય?<br>સાધુના સ્વરૂપનું વિસ્તારથી વર્ણન<br><br>પરિગ્રહ વિરમણના પરિરક્ષણાર્થે પાંચ ભાવના:–<br>૧. શ્રોત્રેન્દ્રિયને મનોજ્ઞ+અમનોજ્ઞ શબ્દોમાં રાગ.દ્વેષ ન કરે<br>૨. ચક્ષુરીન્દ્રિયને મનોજ્ઞ+અમનોજ્ઞ રૂપમાં રાગ.દ્વેષ ન કરે<br>૩. ઘ્રાણેન્દ્રિયને મનોજ્ઞ+અમનોજ્ઞ ગંધમાં રાગ.દ્વેષ ન કરે<br>૪. રસનેન્દ્રિયને મનોજ્ઞ+અમનોજ્ઞ રસમાં રાગ.દ્વેષ ન કરે<br>૫. સ્પર્શનેન્દ્રિયને મનોજ્ઞ.અમનોજ્ઞ શબ્દોમાં રાગદ્વેષ ન કરે<br>...પંચે ભાવનાનું સૂત્રોક્ત વર્ણન ખૂબ વિસ્તારથી<br><br>ઉપસંહાર વાક્ય: પાંચ ભાવનાથી બ્રહ્મચર્યસંવરદ્વાર પાલિત<br>ચોથા સંવર દ્વારની સ્પર્શના યાવત અનુપાલના. |
| વૃ૦ | | સંવર વૃક્ષ કેવું છે? સૂત્રાનુસાર વિસ્તૃત વર્ણન<br>પરિગ્રહ વિરમણમાં શું શું પરિગૃહિત કરવું ન કલ્પે? વર્ણન<br>શેનો શેનો સંચય કરવો સાધુને ન કલ્પે? વર્ણન<br>સાધુને સર્વથા વર્જ્ય ઔદ્દેશિક આદિ દોષોનું વર્ણન<br>સાધુને કેવા પ્રકારના આહાર આદિ કલ્પે? વર્ણન<br>ભિક્ષા પ્રવર્તન માટે છ કારણો–વેદના, વૈયાવચ્ચ વગેરે<br>ઔષધ આદિની પણ સંનિધિ કરાવી ન કલ્પે<br>સંયમ રક્ષાર્થે ક્યા ક્યા ઉપકરણ આદિ પરિગ્રહ નથી?<br>કોને શ્રમણ જાણવો? (શ્રમણનું સ્વરૂપ)વર્ણન<br>ભિક્ષુ પ્રતિમા પ્રતિપન્ન સાધુ કેવા હોય?<br><br>પરિગ્રહ વિરમણવ્રત ના રક્ષણ માટેની પાંચ ભાવના:–<br>૧. શબ્દનિસ્પૃહત્વ,૨. ચક્ષુરિન્દ્રીયસંવર, ૩.ગંધસંવૃતત્વ,<br>૪. જિહ્વેન્દ્રિયસંવર, ૫.સ્પર્શનેન્દ્રિયસંવર. પંચે ભાવનાઓનું<br>ઘણા લંબાણથી વિવરણ, ભાવનાઓનો નિષ્કર્ષ<br>ઉપસંહાર વાક્યનો વિસ્તાર + સુંદર અધ્યયન નિષ્કર્ષ. |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br>વૃ૦ | ૪૬ | પાંચે સુવ્રત સેંકડો હેતુઓથી વિસ્તીર્ણ<br>સંવર, સંક્ષેપથી ૫ કહ્યા, વિસ્તારથી તેના ૨૫ ભેદ.<br>આ સંવરોની આરાધના કરીને કોણ મુક્ત થશે?<br>સંવર પંચકનું નિગમન<br>સંવર સેવનારની ભાવિ ફળરૂપ અવસ્થા |
| મૂ૦ | ૪૭ | સૂત્ર ઉદ્દેશક વિધિ– દશ દિવસમાં ઉદ્દેશો થાય |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| **આગમ ૧૦ ‘પ્રશ્નવ્યાકરણ’ અંગસૂત્ર ૧૦ નો<br>મુનિ દીપરત્નસાગર રચિત સટીક વિષયાનુક્રમ** | | |
| | | |
| | | |
| | | |
| | | |

નમો નમો નિમ્મલદંસણસ્સ

# ૧૦.પશ્નવ્યાકરણ
## સટીક વિષયાનુક્રમ

વિષયાનુક્રમ રચયિતા


आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી-૧૦